## IPLમાં ઋષભ પંત ત્રીજા નંબરે બેટિંગ કરવા માટે તૈયાર

નવી દિલ્હી, તા. 22 (પીટીઆઇ) : ભારતની ટી-20 ટીમમાં વાપસી કરવાનો પ્રયાસ કરી રહેલો ઋષભ પંત 28 માર્ચથી શરૂ થઈ રહેલી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં ત્રીજા નંબર પર બેટિંગ કરવા માટે તૈયાર છે.

લખનૌ સુપર જાયન્ટ્સ (એલએસજી)ના કેપ્ટન તરીકે પંત માટે આ સિઝન નિર્ણાયક સાબિત થઈ શકે છે. ગયા વર્ષે નિરાશાજનક પ્રદર્શન બાદ, જો પંત આ સિઝનમાં સારું પ્રદર્શન કરે છે, તો તે ભવિષ્યમાં ભારતની ટી-20 યોજનાઓનો ભાગ બની શકે છે. ત્રણેય ફોર્મેટમાંથી, પંત ભારતીય ટેસ્ટ ટીમનો ફક્ત એક અભિન્ન સભ્ય છે, જ્યારે વન ડેમાં તે કેએલ રાહુલના બેકઅપ વિકેટકીપર તરીકે સેવા આપે છે. 2024 માં ભારતની વર્લ્ડકપ જીત બાદ પંતે ટી-20 ટીમમાં પોતાનું સ્થાન ગુમાવ્યું હતું.

# ગાવસ્કરે IPL 2026માંથી બહાર થવા સંબંધે વિદેશી સ્ટાર્સની ટીકા કરી

**ભારતીય** આતિથ્યને હળવાશથી લેનારા આવા સ્ટાર્સને છોડી દેવા તમામ ફ્રેન્ચાઇઝીને ગાવસ્કરની વિનંતી

**ગુજરાતમિત્રના** કોલમિસ્ટે કહ્યું કે ફ્રેન્ચાઇઝી માલિકો કડક વલણ ન અપનાવે ત્યાં સુધી આવી લાલિયાવાડી ચાલતી રહેશે



મુંબઈ, તા. 22 : ગુજરાતમિત્રના કોલમિસ્ટ અને ભારતના માજી કેપ્ટન સુનીલ ગાવસ્કરે આઈપીએલ 2026 ના શરૂઆતના તબક્કામાંથી બહાર નીકળી ગયેલા વિદેશી ખેલાડીઓની ટીકા કરી છે. તેમણે કહ્યું કે તેઓ ભારતીય રીત અને આતિથ્યને હળવાશથી લઈ રહ્યા છે, તેમણે તમામ ફ્રેન્ચાઈઝીના માલિકોને કઠોર વલણ અપનાવીને તેમને છોડી દેવા વિનંતી કરી હતી અને કહ્યું હતું કે જો એમ નહીં થાય તો તેઓ આયોજનને બગાડતા રહેશે.

ત્રણ ઓસ્ટ્રેલિયન ઝડપી બોલર જોશ હેઝલવુડ, પેટ કમિન્સ અને મિશેલ સ્ટાર્ક ફિટનેસ સમસ્યાઓના કારણે સિઝનની પ્રથમ ત્રણ મેચ માટે ઉપલબ્ધ રહેશે નહીં. રવિવાર ના રોજ ક્રિકેટ.કોમ.એયૂના અહેવાલમાં સૂચવવામાં આવ્યું છે કે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ તેમના મુશ્કેલ સમયપત્રકને કારણે ત્રણેયને રોક્યા છે. પંજાબ કિંગ્સના લોકી ફર્ગ્યુસન પણ તેના નવજાત પુત્ર સાથે ઘરે થોડો સમય વિતાવવા માટે કેટલીક મેચો ગુમાવશે.

ગાવસ્કરે સ્પોર્ટસ્ટાર માટે પોતાની કોલમમાં લખ્યું છે કે કેટલાક વિદેશી ખેલાડીઓ ઈજા વગર અને વ્યક્તિગત કારણોસર ઉપલબ્ધ નથી, તેમની સાથે ફ્રેન્ચાઈઝીને સામાન્ય રીતે હળવાશથી લેવાનો મુદ્દો પણ છે. ફ્રેન્ચાઈઝીના માલિકો તેમના ખેલાડીઓને સમાવવા માટે ઘણી બધી રીતે પ્રયાસ કરે છે, ઘણીવાર પરિવારોને આવવા અને ખેલાડીઓ સાથે સમય વિતાવવા માટે પૈસા ચૂકવે છે. આ ભારતીય રીત અને આતિથ્ય છે, જેને ઘણીવાર કેટલાક લોકો અધિકાર તરીકે ગેરસમજ કરે છે અને પછી પરિસ્થિતિનો લાભ લેવાનો પ્રયાસ કરે છે.

તેમણે કહ્યું કે આપણે પહેલાથી જ કેટલાક ખેલાડીઓ વિશે સાંભળી રહ્યા છીએ જે વિવિધ કારણોસર ઉપલબ્ધ રહેશે નહીં, જેમાંથી કોઈને ફ્રેન્ચાઈઝ દ્વારા પસંદગી કરવામાં આવે તે પહેલાં જાણ કરવામાં આવી ન હતી. જ્યાં સુધી ફ્રેન્ચાઈઝ માલિકો કડક બનવાનું શરૂ નહીં કરે અને આ ખેલાડીઓને છોડી દે નહીં, ત્યાં સુધી તેઓ ટાઈટલ જીતવાના તેમના પ્રયાસોમાં અવરોધ અનુભવશે. ટીમ બનાવવાની બધી યોજના જે તેઓ માને છે કે તેમને જીતવામાં મદદ કરી શકે છે, જ્યારે ખેલાડીઓ જ્યારે ઈચ્છે ત્યારે આવવાનું નક્કી કરે છે ત્યારે બારીની બહાર જાય છે.

# PSL છોડી IPLમાં જનારા ખેલાડીઓ સામે કાનૂની કાર્યવાહીની નકવીની ધમકી

**પશ્ચિમ** એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે PSL 26 માર્ચથી બંધ બારણે રમાશે : PCB ચીફ

**પ્રથમ** તબક્કામાં પ્રેક્ષકોને પ્રવેશ નહીં મળે અને આ સીઝન માત્ર કરાચી અને લાહોરમાં જ રમાશે : નકવી



લાહોર, તા. 22 (પીટીઆઇ) : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે રવિવારે જણાવ્યું હતું કે ઈરાન-અમેરિકા-ઇઝરાયલ યુદ્ધને કારણે આ ક્ષેત્રમાં તણાવને ધ્યાનમાં રાખીને પાકિસ્તાન સુપર લીગનો પ્રથમ તબક્કો પ્રેક્ષકો વિના બંધ બારણે રમાશે. સાથે જ પીસીબી ચીફ મોહસીન નકવીએ પીએસએલ છોડીને આઇપીએલ રમવા જનારા ખેલાડીઓ સામે કાનૂની કાર્યવાહીની ધમકી ઉચ્ચારી હતી.

નકવીએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે પીસીબીનું લીગલ ડિપાર્ટમેન્ટ એવા ક્રિકેટરોના કેસ આગળ ધપાવશે જેમણે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) માં જોડાવા માટે તેમના પીએસએલ કોન્ટ્રાક્ટ રદ કર્યા હતા. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે તેમ છતાં તમે જોઈ શકો છો કે કેવી રીતે ટોચના લિસ્ટ-એ ખેલાડીઓ પીએસએલમાં જોડાઈ રહ્યા છે અને તે અમારી લીગની વૃદ્ધિ દર્શાવે છે.

નકવીએ એમ પણ કહ્યું હતું કે પીએસએલની આ સીઝન ફક્ત કરાચી અને લાહોરમાં જ રમાશે. પીએસએલ એક ઇન્ટરનેશનલ બ્રાન્ડ છે અને અમારું ગૌરવ છે. લીગ 26 માર્ચથી શરૂ થશે, પરંતુ પ્રેક્ષકોના પ્રવેશને મંજૂરી આપવામાં આવશે નહીં. પીએસએલના સીઈઓ સલમાન નસીરે પાકિસ્તાનમાં પીએસએલના આયોજન અંગે કોઈપણ સુરક્ષા ચિંતાઓને ફગાવી દીધી હતી. આ પગલું આ ક્ષેત્રની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અર્થતંત્રના સંદર્ભમાં લેવામાં આવ્યું છે. નકવીએ કહ્યું કે વિદેશી ખેલાડીઓ આજે રાત્રે અહીં આવી રહ્યા છે. નકવીએ એમ પણ કહ્યું કે નકવીએ જણાવ્યું હતું કે બોર્ડ આઠ ફ્રેન્ચાઈઝીઓને પહેલેથી જ જાહેર કરેલા સ્થળો ફૈસલાબાદ, રાવલપિંડી, પેશાવર અને મુલ્તાન ખાતેની અંદાજિત ટિકિટની આવક ચૂકવીને વળતર આપવાનો પ્રયાસ કરશે.

### નકવીએ જે હાઇપ્રોફાઇલ નામ ગણાવ્યા તેમને IPLમાં કોઇ ખરીદદાર મળ્યો નહોતો

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના વડા મોહસીન નકવીએ એવી શેખી મારી હતી કે જ્યાં સુધી આંતરરાષ્ટ્રીય ખેલાડીઓનો સવાલ છે. આ વર્ષે પીએસએલ માટે આવનારા ખેલાડીઓ પર નજર નાખો તો લિસ્ટ-એ ખેલાડીઓ પીએસએલમાં જોડાયા છે. પાછલા કેટલાક વર્ષોની તુલનામાં આ વર્ષે ખેલાડીઓમાં કેટલો તફાવત છે તે જુઓ. નકવીએ આવું માર્નસ લાબુશેન, સ્ટીવ સ્મિથ અને ગ્લેન મેક્સવેલ પીએસએલમાં જોડાયા તે માટે કહ્યું હતું પરંતુ હકીકત એ છે કે આ તમામને આઇપીએલ મીની ઓક્શનમાં કોઇએ ખરીદવામાં રસ બતાવ્યો નહોતો.

### PSLને વધુ એક ઝાટકો : દાસુન શનાકા IPLમાં રાજસ્થાન રોયલ્સ વતી રમશે

નવી દિલ્હી, તા. 22 : શ્રીલંકન કેપ્ટન દાસુન શનાકાએ આઇપીએલ ફ્રેન્ચાઇઝી રાજસ્થાન રોયલ્સમાં ઓલરાઉન્ડર સેમ કરનના સ્થાને જોડાવાનો નિર્ણય કરતાં પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)ને વધુ એક મોટો ફટકો પડ્યો છે કારણ કે શનાકા પીએસએલ ફ્રેન્ચાઇઝી લાહોર કલંદર્સ છોડીને આઇપીએલ રમવા તૈયાર થયો છે. ડિસેમ્બરમાં આઇપીએલ મીની-ઓક્શનમાં શનાકાને કોઇ ખરીદદાર મળ્યો નહોતો અને ત્યાર પછી તેને પીએસએલની હરાજીમાં લાહોર કલંદર્સે પોતાની ટીમમાં સામેલ કર્યો હતો. આ પહેલા અગાઉ, ઝિમ્બાબ્વેના ઝડપી બોલર બ્લેસિંગ મુઝારાબાનીએ મુસ્તફિઝુર રહેમાનની જગ્યાએ કોલકાતા નાઇટ રાઇડર્સમાં જોડાવા માટે ઇસ્લામાબાદ યુનાઇટેડ સાથેનો કરાર તોડ્યો હતો. પીએસએલ સાથેની ઔપચારિકતાઓ પૂર્ણ થયા પછી દાસુન આઈપીએલ કરાર પર હસ્તાક્ષર કરશે. આ ફક્ત ઔપચારિકતા છે. તે ગુવાહાટીમાં ટીમમાં જોડાશે એવું ટીમના એક સૂત્રએ જણાવ્યું. રોયલ્સ પોતાની પહેલી મેચ ગુવાહાટીમાં ચેન્નાઇ સુપર કિંગ્સ સામે રમવાનું છે.

# ઈજાગ્રસ્ત ખેલાડીઓથી કેટલીક IPL ટીમોના સમીકરણો ખોરવાયા

**ઇજાઓની** સાથે જ કેટલાક વિદેશી ખેલાડીઓની ગેરહાજરીએ પણ ફ્રેન્ચાઇઝીઓની મુશ્કેલી વધારી

નવી દિલ્હી, તા. 22 : ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની આગામી સીઝનમાં કેટલાક મુખ્ય વિદેશી ખેલાડીઓની ઈજાને કારણે બહાર થવાથી તેમજ કેટલાક ખેલાડીઓ મોડા જોડાવા હોવાના કારણે કેટલીક ટીમોના સમીકરણો ખોરવાઈ ગયા છે. કેટલાક મુખ્ય વિદેશી ખેલાડીઓ ઈજાઓને કારણે આખી ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા છે જ્યારે કેટલાક ખેલાડીઓ વિવિધ કારણોસર ટુર્નામેન્ટની શરૂઆતની મેચોમાં રમી શકશે નહીં.

ઈજા સંબંધિત સમસ્યાઓએ કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર)ને સૌથી વધુ અસર કરી છે. ભારતીય ફાસ્ટ બોલર હર્ષિત રાણા અને આકાશદીપ ઈજાઓને કારણે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા છે, જ્યારે શ્રીલંકાના ફાસ્ટ બોલર મથિશા પથિરાના પણ પગની પીઠની ઈજાને કારણે શરૂઆતની મેચો ગુમાવશે. સનરાઈઝર્સ હૈદરાબાદ પણ શરૂઆતની કેટલીક મેચોમાં તેમના નિયમિત કેપ્ટન પેટ કમિન્સ વિના રમશે, જે કમરના દુખાવાથી સ્વસ્થ થઈ રહ્યો છે. કમિન્સની ગેરહાજરીમાં ઈશાન કિશન સનરાઈઝર્સનું નેતૃત્વ કરશે. સનરાઈઝર્સનો અન્ય ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર જેક એડવર્ડ્સ પગની ઈજાને કારણે આખી ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા છે. ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર જોશ હેઝલવુડ પણ ઈજાના કારણે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર માટે શરૂઆતની કેટલીક મેચો ગુમાવશે. ચેન્નાઈ સુપર કિંગ્સને ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર નાથન એલિસની ખોટ સાલશે કારણ કે તે હેમસ્ટ્રિંગની ઈજાને કારણે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે. દિલ્હી કેપિટલ્સના મુખ્ય બોલર મિશેલ સ્ટાર્ક પણ શરૂઆતની કેટલીક મેચો માટે શંકાસ્પદ છે કારણ કે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા આગામી વ્યસ્ત આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કેલેન્ડરને ધ્યાનમાં રાખીને તેના વર્કલોડ પર નજર રાખી રહ્યું છે. ન્યુઝીલેન્ડના ફાસ્ટ બોલર લોકી ફર્ગ્યુસન પણ પંજાબ કિંગ્સ માટે શરૂઆતના રાઉન્ડની મેચો ગુમાવશે કારણ કે તે તેના પરિવાર અને નવજાત પુત્ર સાથે થોડો સમય વિતાવવા માંગે છે.

# ઓસ્ટ્રેલિયા 2027ના ભારત પ્રવાસ દરમિયાન પાંચ ટેસ્ટની સીરિઝ રમશે

**ક્રિકેટ** ઓસ્ટ્રેલિયા દ્વારા 2026-27 માટેનું પોતાનું શેડ્યૂલ જાહેર, 2026-27માં હોમ-અવે મળીને કુલ 15 ટેસ્ટ રમશે

**15 ટેસ્ટમાંથી** ડિસેમ્બરથી માર્ચ વચ્ચે 14 અઠવાડિયામાં ભારત સામે પાંચ મળીને ઓસ્ટ્રેલિયા કુલ 10 ટેસ્ટ રમવાનું છે

### ઓસ્ટ્રેલિયાનું જાહેર થયેલું ટેસ્ટ શેડ્યૂલ

**ઓગસ્ટ :** બાંગ્લાદેશ સામે બે ટેસ્ટ (ઘરઆંગણે)
**ઓક્ટોબર :** દક્ષિણ આફ્રિકા સામે ત્રણ ટેસ્ટ (વિદેશ)
**ડિસેમ્બર-જાન્યુઆરી :** ન્યુઝીલેન્ડ સામે ચાર ટેસ્ટ (ઘરઆંગણે)
**જાન્યુઆરી-માર્ચ :** ભારત સામે પાંચ ટેસ્ટ (વિદેશમાં)
**11-15 માર્ચ :** ૧૫૦મી વર્ષગાંઠ ટેસ્ટ મેચ ઈંગ્લેન્ડ સામે (ઘરઆંગણે)
**જૂન:** વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઇનલ (જો ક્વોલિફાય થશે તો ઈંગ્લેન્ડમાં રમાશે)
**જૂન-ઓગસ્ટ :** ઈંગ્લેન્ડ સામે પાંચ ટેસ્ટ મેચ (વિદેશ).

મેલબોર્ન, તા. 22 (પીટીઆઈ) : ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ રવિવારે તેનું 2026-27 ઈન્ટરનેશનલ ભરચક કેલેન્ડર જાહેર કર્યું હતું, જેમાં જાન્યુઆરીથી માર્ચ દરમિયાન ભારતમાં રમાનારી પાંચ ટેસ્ટ મેચની સીરિઝ સામેલ છે અને આ પ્રતિષ્ઠિત બોર્ડર-ગાવસ્કર ટ્રોફી પહેલા તેની પાસે તૈયારી માટે બહુ ઓછો સમય બચશે.

આવતા વર્ષે ભારત સામેની પાંચ ટેસ્ટ મેચની સીરિઝ પેટ કમિન્સની સીનિયર ટીમ માટે મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. ડિસેમ્બર અને માર્ચ વચ્ચે ઓસ્ટ્રેલિયા 14 અઠવાડિયામાં 10 ટેસ્ટ મેચ રમવાનું હોવાથી તેમની પાસે ભારત સામેની સીરિઝની તૈયારી માટે ખૂબ જ ઓછો સમય હશે. ઓસ્ટ્રેલિયા આ સમયગાળામાં કુલ 15 ટેસ્ટ રમવાનું છે. ઓસ્ટ્રેલિયા ઓગસ્ટ 2026 માં બાંગ્લાદેશ સામે બે ટેસ્ટ મેચ સાથે તેમની ઘરઆંગણેની સિઝનની શરૂઆત કરશે અને માર્ચ 2027માં ટેસ્ટ ક્રિકેટની 150મી વર્ષગાંઠ નિમિત્તે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (એમસીજી) ખાતે ઈંગ્લેન્ડ સામે ડે-નાઈટ ટેસ્ટ સાથે સમાપ્ત થશે. આ દરમિયાન તેઓ દક્ષિણ આફ્રિકા પ્રવાસમાં ત્રણ ટેસ્ટ અને ન્યૂઝીલેન્ડ સામે ઘરઆંગણે ચાર ટેસ્ટ રમશે.

ઓસ્ટ્રેલિયાના આ વ્યસ્ત શેડ્યૂલમાં, ખરી કસોટી ભારતીય ટીમ સામે ભારતમાં રમાનાર ટેસ્ટ સીરિઝમાં થશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, બોર્ડર-ગાવસ્કર ટ્રોફી પ્રવાસ કમિન્સ, સ્ટીવ સ્મિથ, મિશેલ સ્ટાર્ક, જોશ હેઝલવુડ અને નાથન લિયોન જેવા ખેલાડીઓ માટે છેલ્લો પડકાર હશે કારણ કે તેઓએ ભારતમાં ક્યારેય સીરિઝ જીતી નથી. માર્ચમાં એમસીજીમાં ઈંગ્લેન્ડ સામેની એકમાત્ર ટેસ્ટ પછી જો તેઓ ક્વોલિફાય થશે તો વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં રમશે અને તે પછી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની નવી સાયકલમાં જૂન-ઓગસ્ટ દરમિયાન તેઓ ઈંગ્લેન્ડ પ્રવાસમાં પાંચ ટેસ્ટની સીરિઝ રમશે.

# ડુપ્લાન્ટિસે નવા રેકોર્ડ સાથે સતત ચોથું વર્લ્ડ ઈન્ડોર પોલ વોલ્ટ ટાઈટલ જીત્યું

**ડુપ્લાન્ટિસે** 6.25 મીટરના જમ્પ મારી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં નવો રેકોર્ડ બનાવ્યો

**કરાલિસે** 6.15નો જમ્પ માર્યો, અન્ય ખેલાડી 6.05 મીટરનો જ જમ્પ લગાવી શક્યા




ટોરુન (પોલેન્ડ), તા. 22 (એપી) : આર્માન્ડ ડુપ્લાન્ટિસે પોતાનું સારું ફોર્મ ચાલુ રાખીને ગ્રીસના એમ્માનૌઈલ કરાલિસ સામે આકરી સ્પર્ધાનો સામનો કરવા છતાં પોલ વોલ્ટમાં વધુ એક વર્લ્ડ ટાઇટલ જીત્યું હતું.

ડુપ્લાન્ટિસે 6.25 મીટરના જમ્પ સાથે સતત ચોથી વર્લ્ડ ઈન્ડોર ચેમ્પિયનશિપ જીતી, જે એક વર્ષ પહેલા નાનજિંગમાં બનાવેલા તેના અગાઉના રેકોર્ડ કરતા 10 સેન્ટિમીટર વધુ છે. અન્ય ખેલાડીઓ ફક્ત 6.05 મીટર જ જમ્પ લગાવી શક્યા.

ડુપ્લાન્ટિસે ૬.૧૦, ૬.૧૫ અને પછી ૬.૨૫ મીટર કૂદકો માર્યો. કરાલિસે ૬.૧૦ અને ૬.૧૫ મીટરનો જમ્પ સફળતાપૂર્વક પાર કર્યો, પરંતુ ૬.૨૫નો પોતાનો પ્રયાસ ચૂકી ગયો, અને સતત બીજા વર્ષે બીજા ક્રમે રહ્યો. ઓસ્ટ્રેલિયાના કુર્ટિસ માર્શલ વ્યક્તિગત શ્રેષ્ઠ ૬.૦૦ ના સમય સાથે ત્રીજા ક્રમે રહ્યો, આ સાથે ઈતિહાસમાં પ્રથમ વખત એવું બન્યું કે ત્રણ વોલ્ટર્સ એક જ ઈન્ડોર સ્પર્ધામાં છ મીટરથી વધુ જમ્પ લગાવી શક્યા હોય.

તે પછી ડુપ્લાન્ટિસે પોતાનો પોલ બાજુ પર રાખ્યો અને ગયા અઠવાડિયે સ્વીડનમાં પોતાના નામે યોજાયેલી મોન્ડો ક્લાસિક સ્પર્ધામાં 6.31 મીટરનો પોતાનો વર્લ્ડ રેકોર્ડ તોડવાનો પ્રયાસ કર્યો નહીં.

### સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | ૧ | | ૬ | ૮ | ૭ | ૪ | ૩ |
| ૩ | ૪ | | ૧ | | | ૬ | | |
| | | | ૪ | | | ૨ | | ૧ |
| | | ૪ | | ૮ | | ૩ | | ૬ |
| ૨ | | ૩ | ૬ | ૭ | | ૫ | ૧ | |
| ૮ | ૬ | | ૩ | | | ૪ | | |
| ૪ | ૫ | ૯ | ૨ | ૧ | ૩ | | ૬ | ૭ |
| | | | ૫ | ૬ | | | | |
| ૬ | ૭ | | ૮ | | ૯ | ૧ | ૩ | ૫ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### શરીર પર સોજા

કરિયાતું અને સૂંઠ સમાન ભાગે લઈ ચૂર્ણ કરવું. કરિયાતું મૃદુ વિરેચક, જંતુઘ્ન અને પાચક છે. રોજ સવાર સાંજ એક એક ચમચી ચૂર્ણ પાણીમા ફાંટ બનાવીને લો. શરીર ઉપરાંત શ્વાસનળીનો સોજો પણ મટે છે. એક કપ ઉકળતા પાણીમાં એક ચમચી ચૂર્ણ નાખી ઢાંકી દો. ઠંડુ પડે ત્યારે પી જવું. આ ફાંટ કહેવાય.

## લિવરપૂલ-ચેલ્સી પર ચેમ્પિયન્સ લીગની રેસમાંથી બહાર થવાનું જોખમ

લિવરપૂલ, તા. 22 (એપી) : સતત નબળા પ્રદર્શનને કારણે, લિવરપૂલ અને ચેલ્સી માટે પ્રીમિયર લીગ ફૂટબોલ ટુર્નામેન્ટનો ખિતાબ માત્ર દૂરનું સ્વપ્ન બની રહ્યું નથી, પરંતુ તેઓ ચેમ્પિયન્સ લીગમાં સ્થાન મેળવવાની રેસમાંથી બહાર થઈ જવાના જોખમમાં પણ છે.લિવરપૂલને આ સિઝનમાં પ્રીમિયર લીગમાં સતત 10મી હારનો સામનો કરવો પડ્યો, જ્યારે ચેલ્સીને 10 દિવસમાં સતત ચોથી હારનો સામનો કરવો પડ્યો.

## શબ્દગુંફન - ૭૧૮૬

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. પરમેશ્વર (૪)
૩. દુ:ખની કહાણી (૫)
૬. ઝાંઝર (૩)
૭. છૂટું પાડી નાખવું તે (૪)
૯. યુધ્ધ કરનાર, યોદ્ધો (૪)
૧૦. પિતાના ભાઇ (૨)
૧૧. ખામી, ગફલત (૨)
૧૨. રણક્ષેત્રે, યુધ્ધભૂમિ (૫)
૧૫. એક નળાકાર વાસણ (૩)
૧૮. સુરક્ષિત (૪)
૨૧. ઉપાધિ, દરજ્જો (૩)
૨૪. શુધ્ધ, પવિત્ર (૩)
૨૫. શારીરિક ઈજા, ઘા (૩)
૨૬. એક મિઠાઇ (૪)
૨૮. જંગલ (૨)
૨૯. દોરડાં પર નાચનાર (૨)
૩૦. પાલવ, છેડો (૩)

**ઊભી ચાવી**

૧. જગત (૨)
૨. આગેવાન, સરદાર (૩)
૩. રાજા (૨)
૪. એક જાતનું ઝાણું કપડું (૪)
૫. સમય પ્રમાણે યોગ્ય જવાબ તરત આપી શકે એવું (૬)
૬. પાંદડું, પર્ણ (૨)
૭. ખીલવું તે (૩)
૮. આંટો, ફેરો (૩)
૧૧. જમીન, ધરતી (૨)
૧૩. ઘા ઉપર ચોપડવાનું ઔષધ (૩)
૧૪. મૂર્ખ, લુચ્ચું (૨)
૧૬. ફળો વગેરેનું પ્રવાહી (૨)
૧૭. અવાજ, ઘોષ (૨)
૧૯. યોગ્યતા (૩)
૨૦. સૂર્ય (૩)
૨૧. ખુશબો (૪)
૨૨. વિદ્યુત, વિજળી (૨)
૨૩. પવિત્ર સ્થળ, ઘર (૨)
૨૬. દરજ્જો, પદવિ (૨)
૨૭. પીડા, કંટાળો (૨)



## આજનું પંચાંગ

**તા. 23/03/2026, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ચૈત્ર
**તિથિ:** સુદ : પાંચમ:18:40, - શ્રી પંચમી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ચૈત્ર-02
**યોગ :** વિષ્કુંભ **કરણ:** બવ
**નક્ષત્ર :** કૃતિકા:20:51
**રાશિ:** વૃષભ (બ.વ.ઉ.)
**દિવસ :** સામાન્ય - કલ્પાદિ
**સુરતમાંસૂર્યોદય:**06:42 **સુરતમાંસૂર્યાસ્ત**:18:49
**નવકારસી :** 07:30
**પારસી વર્ષ :** 1395 આવા માસનો 11મો રોજ
**મુસલમાન વર્ષ:** 1447 શવ્વાલ માસનો 03જો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** સવારે : 07:30 થી 09:00

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** ખાણી-પીણી, દલાલી, શિક્ષણ અને માર્કેટીંગને લગતાં કામમાં આવક વધે. નવી તક મળે.
**વૃષભ (બ,વ,ઉ,):** શુભ સમાચાર મળે. આવક વધે. નોકરીમાં નવી તક ઊભી થાય. સમાજમાં સાવધાની રાખવી.
**મિથુન (ક,છ,ઘ,):** હોસ્પિટલ, સમાજ સેવા, કોર્ટ, કચેરીને લગતાં કામમાં અનુકૂળતા વધશે. ખર્ચા વધશે.
**કર્ક (ડ,હ,):** પ્રેમમાં સાથ મળે. વિદ્યાભ્યાસમાં અનુકૂળતા રહે. મિત્રોનો સાથ સામાજિક કામમાં મળે. આવક વધે.
**સિંહ (મ,ટ,):** નવા ધંધા વેપાર માટે વડીલોની મદદ ઉપયોગી રહે. નોકરીમાં પ્રમોશન થઇ શકે છે.
**કન્યા (પ,ઠ,ણ,):** વિદેશનાં કામમાં ગતિ આવે. ધાર્મિક પ્રવાસ, ઉચ્ચ શિક્ષણ, કાયદા જેવા કામમાં પ્રગતિ.
**તુલા (ર,ત,):** સરકારી કામમાં લાભ મળે. સરકારી યોજનાના લાભ મળે. ઉઘરાણી આવી શકે છે. મન અશાંત.
**વૃશ્ચિક (ન,ય,):** માનસિક પીડા વધશે. ઘરમાં અશાંતિ રહે. સંતાનોની ચિંતા સતાવે. રોજના કામમાં પ્રગતિ.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** ખાવા-પીવાના શોખીનોની પાચનક્રિયા બગડી શકે છે. વિજાતિય આવેગ પર કાબૂ પર રાખવો.
**મકર (ખ,જ,):** સંતાનોની ચિંતા સાતવે. શેર બજારમાં ધીરજ રાખવી. પ્રેમ વિવાહની ઓફર આવે.
**કુંભ (ગ,સ,શ,ષ,):** બહારનાં કામ સરળ બને. નવાં લોકોને મળવાથી નવું શીખવા મળે. આવક વધે.
**મીન (દ,ચ,ઝ,થ,):** અટકેલાં કામ પાર પડશે. દલાલી ને વક વધશે. પ્રવાસમાં મિલન મુલાકાત થાય.

### કોઈ પણ સાલમાં 23 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં નવી જવાબદારી સાથે પ્રગતિ થાય. ધંધામાં હરીફો વધશે. સમાજમાં તાલમેળ રાખવો પડે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. ટેકનોલોજીનો લાભ મળે.ઉંમરલાયકના વિવાહ થાય. આવક વધારવાની યોજનામાં મિત્રોની મદદ મળે. વડીલોની મદદ સંતાનોનાં કામ કોર્ટ, કચેરી વીલ-વારસા, સામાજિક અને કાયદાકીય બાબતોમાં મળે નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં ચડતી પડતી રહે. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને મદદ મળે. નવી નોકરીની યોજના પાર પડશે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. મે-જૂન-ઓગસ્ટ સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર, 5, 14, 23 તારીખ નવા કામ માટે અનુકૂળ રહેશે જૂન-જુલાઈ શનિવાર, 7, 16, 25 તારીખ નવા કામમાં ટાળવી. લીલા રંગનો ઉપયોગ કરતા રહેવું. કાળો, લાલ રંગ ઉપયોગમાં લેવા નહીં.

# કેનનો વધુ એક ગોલ, બેયર્ન બુન્ડેસલીગા ટાઇટલની નજીક પહોંચ્યું

**હેરી** કેને વર્તમાન સિઝનનો 31મો ગોલ કર્યો, સાત રાઉન્ડ બાકી હોવાથી લેવન્ડોવસ્કીનો રેકોર્ડ તોડવાની તક

**ડોર્ટમંડનો** હેમ્બર્ગર સામે શાનદાર વિજય, વોલ્ફ્સબર્ગ પર રેલિગેશનનું સંકટ



બર્લિન, તા. 22 (એપી) : ઈંગ્લેન્ડના સ્ટાર ખેલાડી હેરી કેને ફરી એક ગોલ કરતાં બેયર્ન મ્યુનિચે યુનિયન બર્લિનને 4-0થી હરાવીને 14 વર્ષમાં 13મા બુન્ડેસલીગા ફૂટબોલ ટુર્નામેન્ટ ટાઈટલ જીતવાની નજીક પહોંચી ગયું.

હાફટાઈમ પછી કેને વર્તમાન જર્મન લીગ સીઝનનો પોતાનો 31મો ગોલ કર્યો. રમતના સાત રાઉન્ડ બાકી હોવાથી, કેન પાસે રોબર્ટ લેવાન્ડોવસ્કીનો એક જ સીઝનમાં 41 ગોલનો રેકોર્ડ તોડવાની તક છે. બેયર્ન માટે સર્જ ગેનાબ્રીએ બે ગોલ કર્યા, અને માઈકલ ઓલિસે એક ગોલ ઉમેરીને આ સિઝનમાં ટીમના કુલ ગોલની સંખ્યા 97 પર પહોંચાડી હતી અને તેની સાથે જ તેઓ 1971-72માં બનાવેલા 101 ગોલના પોતાના રેકોર્ડને તોડવાની નજીક પહોંચી ગયા છે. આ જીત સાથે, બાયર્ન 27 મેચોમાં 70 પોઈન્ટ પર પહોંચી ગયું છે અને બીજા ક્રમે રહેલા ડોર્ટમંડથી નવ પોઈન્ટ આગળ છે. આ તરફ રામી બેન્સેબૈનીએ બે પેનલ્ટી ફટકારીને ડોર્ટમંડને ઘરઆંગણે હેમ્બર્ગર SV સામે 3-2થી રોમાંચક જીત અપાવી હતી. આ જીત સાથે ડોર્ટમંડે પોઈન્ટ ટેબલમાં બીજું સ્થાન મજબૂત કર્યું છે. જ્યારે જસ્ટિન ન્જિનમાએ સાઈડ પોસ્ટ દ્વારા કરેલા ગોલની મદદથી વર્ડર બ્રેમેને વોલ્ફ્સબર્ગને તેના ઘરઆંગણે 1-0થી હરાવ્યું હતું. આ જીતથી બ્રેમેનની ટકી રહેવાની આશા વધી છે, જ્યારે વોલ્ફ્સબર્ગની મુશ્કેલીઓ વધી છે.

# સ્પિનરોની મદદથી ન્યૂઝીલેન્ડને હરાવી દક્ષિણ આફ્રિકાએ સીરિઝ બરાબરી પર મૂકી

**દક્ષિણ** આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરીને એસ્ટરહુઇઝની અર્ધસદીની મદદથી પાંચ વિકેટે 164 રન બનાવ્યા

**સારી** શરૂઆત છતાં ન્યૂઝીલેન્ડ 18.5 ઓવરમાં 145 રને ઓલઆઉટ થતાં દક્ષિણ આફ્રિકા 19 રને જીત્યું



વેલિંગ્ટન, તા. 22 (એપી) : કોનોર એસ્ટરહુઇઝનની કેરિયરની પહેલી અડધી સદી અને સ્પિનરોના શાનદાર પ્રદર્શનની મદદથી દક્ષિણ આફ્રિકાએ આજે રવિવારે અહીં ચોથી ટી-20 માં ન્યૂઝીલેન્ડને 19 રનથી હરાવીને પાંચ મેચની સીરિઝ 2-2ની બરાબરી પર મૂકી હતી. એસ્ટરહુઇઝને ૩૩ બોલમાં પોતાની પહેલી અડધી સદી ફટકારી અને તેની ઈનિંગ્સ બંને ટીમો વચ્ચે નિર્ણાયક રહી હતી. તેની અર્ધસદીથી દક્ષિણ આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરતા પાંચ વિકેટે 164 રન બનાવ્યા હતા. જવાબમાં, ન્યૂઝીલેન્ડ 18.5 ઓવરમાં 145 રનમાં ઓલઆઉટ થઈ ગયું. પાવર પ્લેમાં ન્યૂઝીલેન્ડે બે વિકેટે 63 રન બનાવ્યા હતા, પરંતુ ત્યારબાદ દક્ષિણ આફ્રિકાના સ્પિનરોએ પોતાની પકડ મજબૂત કરી દીધી. ડેબ્યૂ કરી રહેલા પ્રેનેલન સુબ્રાયને 13 રનમાં બે, જ્યારે કેશવ મહારાજે 22 રનમાં બે વિકેટ લીધી. લગભગ ત્રણ વર્ષ પછી ન્યુઝીલેન્ડ ટીમમાં વાપસી કરનાર ડેન ક્લીવરે 16 બોલમાં 26 રન બનાવીને પોતાની ટીમની આશા જીવંત રાખી હતી, પરંતુ તેમના આઉટ થયા પછી દક્ષિણ આફ્રિકાનો વિજય નિશ્ચિત થઈ ગયો હતો. ટોમ લેથમની ઈજા અને શ્રેણીની છેલ્લી બે મેચ માટે ડેવોન કોનવે, મિશેલ સેન્ટનર અને લોકી ફર્ગ્યુસનની બાકાતીને કારણે ન્યુઝીલેન્ડની ટીમ વધુ નબળી પડી ગઈ હતી. પાંચમી અને અંતિમ મેચ બુધવારે ક્રાઈસ્ટચર્ચમાં રમાશે.